# અમરેલીમાં 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ યોજાયો: બાળકો, વાલીઓ અને કિશોરીઓએ ઉત્સાહભેર લીધો ભાગ

## બાળકોના સર્વાંગી વિકાસ માટે આંગણવાડી અને ઘર વચ્ચે સેતુ: અમરેલીમાં વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે 'આંગણ મિલન' સંપન્ન



અમરેલી:અમરેલીના ગોકુળ નગર કોડ નંબર-૨૩૨ ખાતે તાજેતરમાં 'આંગણ મિલન સેવા' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકો, વાલીઓ, કિશોરીઓ અને આંગણવાડી વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બનાવવાનો તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે ઘર અને આંગણવાડી વચ્ચે સહભાગિતાનું ઉત્તમ વાતાવરણ ઊભું કરવાનો હતો. આંગણવાડી કાર્યકર સોનલબેન એન. ખંખાળ તથા આંગણવાડી તેડાગર નીરૂબેન મકવાણાના સંયુક્ત પ્રયાસોથી સમગ્ર કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહભેર અને આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અમરેલી મહિલા મોરચાના સદસ્ય શ્રી વિલાસબેન ખણેસા, પી.ઓ. હીરાબેન, મુખ્ય સેવિકા ખ્યાતિબેન, સુધરાઈ સભ્ય સંગીતાબેન ચાવડા તેમજ અર્બન સેન્ટરના આશા વર્કર જયાબેન પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ બાળકો દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓને રસપૂર્વક નિહાળી હતી અને બાળકો સહિત આંગણવાડી કાર્યકર બહેનોની મહેનતને બિરદાવીને તેમને ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા હતા.વિશેષમાં, કાર્યક્રમ અંતર્ગત 'કહાની બદલાવકી', ECCE (અર્લી ચાઈલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશન) આધારિત પ્રવૃત્તિઓ તેમજ કિશોરીઓ માટેની વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. 'કહાની બદલાવકી' પ્રવૃત્તિ દ્વારા બાળકોની કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા અને અભિવ્યક્તિ કૌશલ્યને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું, જ્યારે ઈઝઝઈ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને આનંદમય વાતાવરણમાં શીખવાની ઉત્તમ તક મળી હતી.

# નવા ઘરની ખુશી: અમરેલીના વતની ભારતીબેન શેખ અને તેમના પરિવારનું વર્ષો જૂનું સપનું "પ્રધાનમંત્રી આવાસ યોજના"થી સાકાર થયું

## પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી હેઠળ રૂ. ૩.૫ લાખની સરકારી સહાય મળતા અમે ગૌરવભેર જીવન જીવી રહ્યા છીએ:ભારતીબેન શેખ

અમરેલી:અમરેલીના વતની શ્રી ભારતીબેન શેખ અને તેમના પરિવાર માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) જીવનમાં એક મોટું અને સકારાત્મક પરિવર્તન લઈને આવી છે. વર્ષોથી ભાડાના અથવા કાચા મકાનમાં રહીને પોતાના ઘરનું સપનું સેવતા આ પરિવારને આ યોજના હેઠળ પોતાના ઘરનું ઘર મળ્યું છે. પાકા મકાનની સુવિધા મળતા જ પરિવારના સભ્યોના ચહેરા પર એક અનોખી ખુશી અને સંતોષ જોવા મળ્યો હતો. ભારતીબેન અને તેમનો પરિવાર હવે પોતાના નવા અને સુરક્ષિત ઘરમાં સ્થાયી થઈને ગૌરવભેર જીવન જીવી રહ્યો છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરીના લાભાર્થી શ્રી ભારતીબેને જણાવ્યું હતું કે, અમને સરકારી સહાયની રકમ સમયસર મળી હતી. પાકા મકાનનું સપનું સમગ્ર પરિવારનું હતું. આજે અમારી પાસે પાકું મકાન છે, અમે ગૌરવભેર આત્મસન્માન સાથે જીવન જીવી રહ્યા છીએ. તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્ર સરકારનો ધન્યવાદ વ્યક્ત કર્યો હતો.

આ યોજના હેઠળ ભારતીબેન શેખ પરિવારને પોતાનું પાકું મકાન બનાવવા માટે સરકાર તરફથી કુલ રૂ. ૩.૫ લાખની માતબર સહાય પ્રાપ્ત થઈ છે. આ આર્થિક મદદ મળવાને કારણે પરિવાર પરથી ઘર બનાવવા માટે દેવું કરવાનો કે આર્થિક ભીંસમાં આવવાનો મોટો બોજો હળવો થઈ ગયો હતો. સરકાર દ્વારા તબક્કાવાર મળેલી આ સબસિડીની રકમ સીધી તેમના બેંક ખાતામાં જમા થતાં, કોઈપણ વચેટિયા વગર ઘરનું બાંધકામ સમયસર અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ કરવામાં ખૂબ જ મોટી મદદ મળી હતી.

પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી, એ દેશના શહેરી વિસ્તારોમાં વસતા ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોને પાકા મકાનની સુવિધા આપતી એક અત્યંત લોકકલ્યાણકારી યોજના છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ઝૂંપડપટ્ટીમાં કે કાચા મકાનોમાં રહેતા લોકોને નળ, વીજળી અને શૌચાલય જેવી પાયાની સવલતો સાથેનું પાકું આવાસ પૂરું પાડીને તેમનું જીવનધોરણ ઊંચું લાવવાનો છે. આ યોજના અંતર્ગત મળતી આર્થિક સહાય અને હોમ લોન પર વ્યાજ સબસિડીના લાભોને કારણે લાખો પરિવારો પોતાના ઘરના માલિક બનીને સમાજમાં આત્મસન્માન સાથે ગૌરવભેર જીવન જીવી રહ્યા છે.



કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજના થકી અનેક ગરીબ અને વંચિત પરિવારોને પાકા મકાનની સુવિધા મળી, સમાજમાં સકારાત્મક બદલાવ આવ્યો

# 'વિકસિત ભારત ૨૦૪૭' થીમ પર તાલુકા કક્ષાની ચિત્ર અને વકૃત્વ સ્પર્ધાઓ સંપન્ન



અમરેલી:

દેશના ભવિષ્ય સમાન વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના અને કલાત્મક કૌશલ્યનો વિકાસ થાય તે હેતુથી અમરેલી જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં 'વિકસિત ભારતજ૨૦૪૭' અને 'સેવા અને સુશાસનના ૨૫ વર્ષ' વિષય પર ચિત્ર અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળા કક્ષાએ યોજાયેલી આ પ્રારંભિક સ્પર્ધાઓમાં જે-તે શાળામાં પ્રથમ નંબર મેળવી વિજેતા બનેલા તેજસ્વી બાળકોને તાલુકા કક્ષાએ પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાની તક મળી હતી. આ અંતર્ગત આજરોજ જિલ્લાના તમામ તાલુકા મથકો પર તાલુકા કક્ષાની સ્પર્ધાનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

તાલુકા કક્ષાની આ સ્પર્ધાઓમાં બાળકોના ઉત્સાહમાં વધારો કરવા માટે જિલ્લાના લોકપ્રિય જનપ્રતિનિધિઓએ વિશેષ હાજરી આપી હતી. અમરેલી તાલુકાની સ્પર્ધામાં સંસદ સભ્ય શ્રી ભરતભાઈ સુતરીયાએ ખાસ ઉપસ્થિત રહીને સ્પર્ધક બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને દેશના વિકાસમાં તેમના વિચારોના મહત્વને બિરદાવ્યું હતું.

આ જ રીતે, ધારી તાલુકાની સ્પર્ધામાં ધારાસભ્ય શ્રી જે. વી. કાકડીયાએ પ્રેરણાદાયી હાજરી આપી વિદ્યાર્થીઓનું મનોબળ વધાર્યું હતું અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સમગ્ર જિલ્લામાં આ વિશિષ્ટ સ્પર્ધાઓનું આયોજન વિદ્યાર્થીઓની વયજૂથને ધ્યાનમાં રાખીને કુલ ત્રણ અલગ-અલગ જૂથમાં કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ જૂથમાં ધોરણ ૬ થી ૮ ના બાળકો, દ્વિતીય જૂથમાં ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓ તેમજ તૃતીય જૂથમાં ધોરણ ૧૧ અને ૧૨ ના ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.ત્રણેય જૂથના વિદ્યાર્થીઓએ ચિત્રકલા દ્વારા વિકસિત ભારતની સુંદર કલ્પનાઓ કેનવાસ પર ઉતારી હતી અને વકૃત્વ સ્પર્ધા દ્વારા સુશાસનના વિવિધ પાસાઓ પર પોતાના પ્રભાવશાળી વિચારો રજૂ કર્યા હતા.

# અમરેલીમાં તા.૪ ઓક્ટોબરે પૂર્વ સૈનિકો અને દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓ અને તેમના આશ્રિતોનું જિલ્લા કક્ષાનું સંમેલન યોજાશે



અમરેલી:

જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટ દ્વારા અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાં વસવાટ કરતા પૂર્વ સૈનિકો, દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓ તથા તેમના આશ્રિતો માટે એક વિશેષ જિલ્લા કક્ષાના સૈનિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલન તારીખ ૦૪/૧૦/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર, પોલીસ લાઈન પાસે, ગાંધીબાગ પાછળ, અમરેલી મુકામે યોજાશે.

આ સંમેલનનો મુખ્ય હેતુ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર તેમજ રાજ્ય સૈનિક બોર્ડ દ્વારા પૂર્વ સૈનિકો અને તેમના પરિવારોને મળતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ, સહાય તથા સવલતો વિશે વિસ્તૃત માહિતગાર કરવાનો છે. આ ઉપરાંત, સૈનિક પરિવારોના સરકારી કચેરીઓને લગતા પ્રશ્નો અને વિવિધ સમસ્યાઓનું સ્થળ પર જ નિરાકરણ લાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

રાજકોટ કચેરી દ્વારા અમરેલી જિલ્લાના તમામ રજિસ્ટર્ડ પૂર્વ સૈનિકો અને દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓને આમંત્રણ પત્ર પાઠવવામાં આવ્યા છે. તેમ છતાં, જો કોઈ પૂર્વ સૈનિક કે આશ્રિત પરિવારને કોઈ કારણસર આમંત્રણ પત્ર ન મળ્યો હોય, તો પણ તેઓને આ સંમેલનમાં અચૂક હાજર રહેવા માટે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી કમાન્ડર પવન કુમાર (નિવૃત્ત) દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલીમાં તા. ૩૦ સપ્ટેમ્બરે 'સેવાસેતુ કાર્યક્રમ'નો ૧૨મો તબક્કો યોજાશે

## શહેરીજનોને આ કાર્યક્રમનો વધુમાં વધુ લાભ લેવા નગરપાલિકા ચીફ ઓફિસરનો અનુરોધ

સેવા સેતુ

અમરેલી:

ગુજરાત સરકાર દ્વારા રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો લાભ નાગરિકોને સતત મળતો રહે તેવા ઉમદા હેતુથી નગરપાલિકા કક્ષાએ સેવાસેતુ કાર્યક્રમ (શહેરી)ના ૧૨માં તબક્કાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અન્વયે અમરેલી નગરપાલિકા વિસ્તાર માટે આગામી તારીખ ૩૦/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાકથી જેશીંગપરા લેઉવા પટેલવાડી, શિવાજી ચોક ખાતે આ વિશેષ કેમ્પ યોજાશે.

આ સેવાસેતુ કાર્યક્રમ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને વ્યક્તિગત સેવાઓ અને સરકારી યોજનાઓના લાભો તેમના રહેઠાણની નજીકના સ્થળે અને તે જ દિવસે ઓન-ધ-સ્પોટ પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવાનો છે. વહીવટી પ્રક્રિયા સરળ બનાવીને પ્રજાના પ્રશ્નો અને અરજીઓનો સ્થળ પર જ ઝડપી નિકાલ કરવામાં આવશે, જેથી નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ખાવા ન પડે.અમરેલી શહેરના તમામ વોર્ડના લાભાર્થીઓ અને નાગરિકોને આ સુવર્ણ તકનો લાભ ઉઠાવવા અને પોતાના જરૂરી આધાર-પુરાવાઓ સાથે નિયત સમયે ઉપસ્થિત રહેવા અમરેલી નગરપાલિકા ચીફ ઓફીસરની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલાના મેરીયાણા મુકામે ગ્રામ્ય કક્ષાનો 'સેવા સેતુ કાર્યક્રમ' યોજાયો

## સ્થળ પર જ વિવિધ સરકારી સેવાઓનો લાભ વિતરત કરવામાં આવ્યો, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા

અમરેલી:

સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે નાગરિકોની સુખાકારી અને વહીવટી સરળતા માટે ગ્રામ્ય કક્ષાના 'સેવા સેતુ કાર્યક્રમ'નું આજરોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારના લોકોને ઘરઆંગણે જ સરકારી યોજનાઓનો લાભ આપવાનો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય શ્રી શરદભાઈ ગોદાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સેવા સેતુ કેમ્પમાં ગ્રામજનોને વહીવટી પ્રક્રિયામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે સાવરકુંડલા તાલુકાના તમામ લાઈન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ પોતાની કચેરીની લગત વિવિધ યોજનાઓની માહિતી અને ફોર્મ્સ સાથે હાજર રહ્યો હતો. અધિકારીઓ અને કર્મચારીઓએ સ્થળ પર જ અરજદારોના પ્રશ્નો સાંભળીને ઓન-ધ-સ્પોટ નિકાલ કરવાની પ્રશંસનીય કામગીરી કરી હતી. વિવિધ વિભાગોના સમન્વયથી ગ્રામીણ સ્તરે સરકારી સેવાઓ પહોંચાડવાનો આ પ્રયાસ ખૂબ જ સફળ રહ્યો હતો.



કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનો માટે અનેકવિધ જનકલ્યાણકારી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેમાં આયુષ્યમાન કાર્ડ અને હેલ્થ વેલનેસ કાર્ડ અંતર્ગત ડાયાબિટીસ તેમજ બી.પી (બ્લડ પ્રેશર)ની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ લાભાર્થી ખેડૂતોનું ઈ-કેવાયસી આવકના તથા જાતિના પ્રમાણપત્રો, નિરાધાર વૃદ્ધ પેન્શન અને ઈન્દિરા ગાંધી પેન્શન યોજનાના લાભો આપવામાં આવ્યા હતા. સાથોસાથ આધાર કાર્ડમાં સુધારા-વધારાની કામગીરી તેમજ નાના બાળકોના નવા આધાર કાર્ડ કાઢી આપવાની કામગીરી પણ ઉત્સાહભેર કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, સાવરકુંડલાના મામલતદારશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીએ પણ ઉપસ્થિત રહીને સમગ્ર કામગીરીનું સુપરવિઝન કર્યું હતું.

# અમરેલી માર્કેટયાર્ડને ટેકાના ભાવે મગફળી સહિત ખેત જણસ ખરીદી કેન્દ્ર આપો

## કૃષિમંત્રીને તાલુકા પંચાયત સદસ્ય ભાવનાબેન સુખડીયાની રજુઆત

અમરેલી:

અમરેલી માર્કેટ યાર્ડ ને ટેકા ના ભાવે મગફળી સહિત ખેત જણસ ખરીદી કેન્દ્ર આપો ની માંગ રાજ્ય ના કૃષિ મંત્રી વાધાણી સમક્ષ કરતા તાલુકા પંચાયત સદસ્ય ભાવનાબેન સુખડીયા ખેડુતો ની ટેકાના ભાવથી થતી મગફળી વિગેરે ખરીદીનુ કામ માકેટીંગ અમરેલીને વિસ્તારનું સોપવા રજુઆત રાજય સરકારશ્રી દ્વારા ખેડુતના મગફળી વિગેરે પાકોનું ટેકાના ભાવથી ખરીદ કરવાનું કામ હાલ થોડા દિવસો બાદ શરૂ થવાનું હોય જે કામગીરી સરકારશ્રી દ્વારા જેતે સહકારી મંડળીઓ દ્વારા ખરીદ કેન્દ્રો ખોલી લેવામાં આવતું હતું. જેના કારણે ખેડુતોને ઘણી બાબતે અગવડતાઓ અને મુશ્કેલીઓ પાકના તોલાત સમયએ વિવાદો થતા હતા.જે બાબતે અનેકવાર ખેડુતો તરફથી ફરીયાદો સરકારશ્રીમાં થતી રહેલ છે. અમારા અમરેલી શહેરમાં જિલ્લા કક્ષાનું મોટુ માકેટીગ યાર્ડ આવેલ હોય જેમાં વિશાળ પેઢી ઓ વિગેરે સુવિધાઓ ઉપલ્લધ હોય અને માકેટીગ યાર્ડ એક અગ્રગણ્ય જિલ્લાની ખેડુતોની



વિશ્વાસપાત્ર સંસ્થા હોય જેમા સાચા ખેડુતોને કોઈ જ અન્યાય ન થાય તેમ ખેડુતોનું જ બોર્ડ જ સંચાલિત હોય તો આ સંસ્થાને પણ સ્વનિર્ભય કરવા માટે સરકારશ્રી દ્વારા થતી ખરીદીનું કામ સોપવામાં તો ખેડુતોના વિશાળ હિતોને ધ્યાને લઈ આ બાબતે સરકારશ્રી દ્વારા નિતિવિષયક નિર્ણય લઈ આગામી શરૂ થનાર ટેકાના ભાવની ખરીદીનું કામ માકેટ'ગ યાર્ડ અમરેલીને સોપવા અમારા વિસ્તારના ખેડુતો વતી નમ્ર વિનંતી સાથે સબંધ કરતા વિભાગો અને મંત્રી ઓને આ બાબતે પત્ર પાઠવ્યો છે

# ખડસલી ગામે બે આખલા સામસામે આવી ગયા:લોકોમાં ભયનો માહોલ

અમરેલી:સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે બે આખલા સામસામે આવી ગયા હતા. જેના કારણે રસ્તા પર લડાઈ જામી હતી અને લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આખલાઓની લડાઈને કારણે વાહનચાલકો અને રાહદારીઓમાં અફરાતફરી મચી ગઈ હતી.



સ્થાનિક લોકોએ આખલાઓને અલગ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

# ૨૯ સપ્ટેમ્બર, "વર્લ્ડ હાર્ટ ડે": શુદ્ધ આહાર બરાબર સ્વસ્થ હૃદય

દર વર્ષે ૨૯ સપ્ટેમ્બરે "વર્લ્ડ હાર્ટ ડે" ઉજવવામાં આવે છે. હૃદયનાં સ્વાસ્થ્ય પ્રત્યે લોકોને જાગરૂત કરવા માટે દર વર્ષે આ દિવસ મનાવવામાં આવે છે. આ ખાસ દિવસ મનાવવાની શરૂઆત સૌથી પહેલા વર્ષ ૨૦૦૦માં થઇ હતી. તે સમયે નક્કી કરવામાં આવ્યું હતું કે દર વર્ષે "વિશ્વ હૃદય દિવસ" સપ્ટેમ્બર મહિનાનાં છેલ્લા રવિવારે મનાવવામાં આવશે પરંતુ વર્ષ ૨૦૧૪માં આ ખાસ દિવસ મનાવવા માટે ૨૯ સપ્ટેમ્બરની તારીખ નક્કી કરી દેવામાં આવી હતી. હૃદય માણસનાં શરીરનો ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ છે અને સર્વેને તેના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવાની જરૂર છે. હાલના સમયમાં યુવાનોમાં પણ હાર્ટ એટેકની સમસ્યા આવવા લાગી છે. તેનું મૂળ કારણ શુદ્ધ આહાર અને સારી જીવનશૈલીને અપનાવી ન શકવાનું છે. હૃદયને સ્વસ્થ



રાખવા દિનચર્યામાં જરૂરી એવા ફેરફાર કરવા જોઈએ. મોડી રાત સુધી જાગીને વધુ ગેજેટ્સનો ઉપયોગ કરવો એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. સ્વસ્થ જીવનશૈલી અપનાવવા દિનચર્યામાં કેટલાક ફેરફાર કરવા જોઈએ.

લો-કાર્બ અને ઓછો ચરબીયુક્ત ખોરાક લેવો જોઈએ.મીઠુ, ખાંડ વાળી વસ્તુઓ ઓછી ખાવી જોઈએ. સાંજે ૮ પછી કંઈ ખાવું ન જોઈએ.વધારે પ્રોટીન અને ફાઈબરથી ભરપૂર ખોરાક અનાજ, કઠોળ લેવા જોઈએ. દરરોજ કસરત, પ્રાણાયમ કરવા જોઈએ.દરરોજ ઓછામાં ઓછી ૪૦ મિનિટ માટે ચાલવાની અથવા સાયકલ ચલાવવાની આદત પાડવી જોઈએ. સ્વિમિંગ કરવાથી પણ સારી કસરત થાય છે. આલ્કોહોલનું સેવન ટાળવું જોઈએ. શાકાહાર અપનાવવું જોઈએ.ભોજનમાં ફળ અને સલાડને શામેલ કરવું જોઈએ. શુદ્ધ આહાર બરાબર સ્વસ્થ હૃદય

# દામનગર:નાળાની ડિઝાઈન અને ખાનગી ટનલ અંગે કલેકટરે કાર્યપાલક ઈજનેર પાસે માંગી સ્પષ્ટતા

અમરેલી:દામનગર ના બજરંગનગર સોસાયટી સામે અમરેલી જિલ્લા પંચાયત ના (મામ) ના રસ્તા ઉપર નાળા ની ડિઝાઇન ફેરવી રીબીન ડેવલપમેન્ટ ની જગ્યા ખાનગી ટનલ બનાવી દેતા સ્થાનિક રહીશો ની મિલકતો ડેમેજ થવા ની ભીતિ સાથે થયેલ રજુઆત અંગે અમરેલી જિલ્લા કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી એ નં. જનરલ/વર્ગી/૧૭૫૧/ઈ-૧૩૧૫૨૭/૨૦૨૬

તા.૧૪/૦૯/૨૬ થી શ્રી કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ, અમરેલી આ અંગે સ્પષ્ટતા સાથે કાર્યવાહી કરવા પત્ર પાઠવ્યો સમસ્ત બજરંગનગરના રહીશો દામનગર, હે. બજરંગનગર, મુ. દામનગર, તા. લાઠી, જિ અમરેલીની તા.૦૭/૦૯/૨૦૨૬ના રોજની જિલ્લા પંચાયતના રીબન ડેવલોપમેન્ટની હદમાં બેઠા નાળાની ડિઝાઈન ફેરવી રસ્તા ની અનામત જમીન ઉપર ભુગર્ભ ટનલ બનાવનાર સામે કાનૂની પગલા લઈ બાંધકામ દુરસ્ત કરવા બાબતની રજુઆત કરાયેલ હતી જે અંગે જિલ્લા મેજી શ્રી એ જિલ્લા પંચાયત અમરેલી માર્ગ મકાન વિભાગ કાર્યપાલક ઈજનેર ને આ અંગે સ્પષ્ટતા સાથે પત્ર પાઠવી કાર્યવાહી થવા જણાવેલ છે અત્રે ઉલ્લેખનીય છે આ રસ્તા નું કામ સ્થાનિક વિરોધ થી અધૂરું હોય તે અંગે પણ ઉચ્ચતરીય અધિકારી ઓએ સ્થળ તપાસ કરવી જરૂરી છે

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

# દેશના ચૂંટણી કમિશનરો પર કોંગ્રેસ દ્વારા લગાવવામાં આવેલા આંતરિક મતભેદના આક્ષેપો જુઠા :રાજકોટના મેયર નેહલ શુકલ

## રાહુલ ગાંધી સહિત વિપક્ષ દ્વારા દેશના નાગરિકોને ગેરમાર્ગે દોરવાનો અને જૂઠાણાં ફેલાવવાનો પ્રયાસ

રાજકોટ, દેશના ચૂંટણી કમિશનરો પર કોંગ્રેસ દ્વારા લગાવવામાં આવેલા આંતરિક મતભેદના આક્ષેપોને સખત શબ્દોમાં વખોડતા મેયર ડો.નેહલ શુકલએ આ આક્ષેપોને સંપૂર્ણપણે કાલ્પનિક, આધારવિહીન અને મનઘડત ગણાવ્યા છે.

આજે બપોરે કમલમ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા મેયરે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોથી દેશની સ્વાયત્ત બંધારણીય સંસ્થા ચૂંટણી પંચ સામે એક લેખને આધાર બનાવી બેબુનિયાદ સવાલો ઉઠાવી રાહુલ ગાંધી સહિત વિપક્ષ દ્વારા દેશના નાગરિકોને ગેરમાર્ગે દોરવાનો અને જૂઠાણાં ફેલાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો હતો.



ગઈકાલે મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ત્રણેય ચૂંટણી કમિશનરોએ સંયુક્ત પ્રેસ રિલીઝ દ્વારા સ્પષ્ટ કર્યું છે કે 'સર' સબંધિત તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હતા અને તેમની વચ્ચે કોઈ મતભેદ નથી. મતદાર યાદીમાં નામ ઉમેરવા માટેના ફોર્મ-૬ના મૂળ સ્વરૂપમાં 'સર' દરમિયાન કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. સુપ્રીમ કોર્ટે 'સર' દરમિયાન મતદારોની ચકાસણી માટેની દસ્તાવેજી પ્રક્રિયાને માન્ય રાખી છે. સુનિયોજિત ષડયંત્ર હેઠળ ફેક નેરેટીવ બનાવીને લોકોને ગેરમાર્ગે દોરવા એ જ કોંગ્રેસ અને તેની ઈકોસિસ્ટમનું મુખ્ય કામ બની ગયું છે. જનતાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલી કોંગ્રેસ પહેલા પોતાની હારનું ઠીકરું ઈવીએમ પર ફોડતી, પછી 'સર'ને દોષ દીધો ને હવે ચુંટણી પંચ ઉપર નિરાધાર-ખોટા આક્ષેપો કરી રહી છે. જ્યાં જનાદેશ કોંગ્રેસની તરફેણમાં આવે ત્યાં લોકશાહીનો વિજય અને જ્યાં જનાદેશ ભાજપની તરફેણમાં આવે ત્યાં 'વોટ ચોરી'આ બેવડા ધોરણો જનતા સારી રીતે ઓળખે છે.

કોંગ્રેસ પાસે હવે જનતાની વચ્ચે જવાનો મુદ્દો નથી. દેશની જનતાને ખોટા કારણો અને ભ્રામક પાયાવિહિન અને તથ્યથી વિમુખ વાતો દ્વારા ગેરમાર્ગે દોરવાના પ્રયાસો લાંબા સમય સુધી ચાલી શકતા નથી. સત્ય સામે જુઠાણાનું આયુષ્ય બહુ ટૂંકું હોય છે. કોંગ્રેસ પાસે જનતાના માટે કોઈ નક્કર એજન્ડા કે મુદ્દો ન હોવાથી તે માત્ર નકારાત્મક રાજનીતિ અને અફવાઓની રાજનીતિ પૂરતી મર્યાદિત બની ગઈ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત આજે સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરવા સક્ષમ બન્યું છે અને વિશ્વના તમામ દેશોએ પણ ભારતના નેતૃત્વનો સ્વીકાર કર્યો છે. તમામ ક્ષેત્રોમાં ભારત વિશ્વમાં મહત્વનું સ્થાન ધરાવતું થયું છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસ દેશની પારદર્શી અને મજબૂત લોકતાંત્રિક પ્રક્રિયા પર બેબુનિયાદ સવાલો ઉઠાવીને વૈશ્વિક સ્તરે ભારતની છબીને ડાઘ લગાડવાના દુર્ભાગ્યપૂર્ણ પ્રયાસો કરી રહી છે. પરંતુ દેશની જનતાને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ઉપર અને દેશના લોકતંત્ર ઉપર સંપૂર્ણ ભરોસો છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી દેશની બંધારણીય સંસ્થાઓને બદનામ કરવાની અને દેશની જનતાને ગેરમાર્ગે દોરવાની 'જુઠાણાની ફેક્ટરી' બની ચુકી છે.પોતાની રાજકીય જમીન ખસી જતાં કોંગ્રેસ સતત ચૂંટણી પંચ જેવી સ્વતંત્ર અને બંધારણીય સંસ્થાઓ પર ખોટા અને ઉપજાવી કાઢેલા આક્ષેપો કરીને તેની શાખ બગાડવાનો પ્રયાસ કરે છે.

'સર'ના તથ્યો સામે આવ્યા બાદ સાબિત થઈ ગયું છે કે કોંગ્રેસે ચૂંટણી કમિશનરો વચ્ચે મતભેદ હોવાની જે મનઘડતવાર્તા ઘડી હતી તે માત્ર સસ્તા પબ્લિસિટી સ્ટંટ સિવાય કંઈ નહોતું. તેમણે રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી દેશની જનતા તથા બંધારણીય સંસ્થાઓની જાહેરમાં માફી માગે તેવી માંગણી કરી હતી. આ પત્રકાર પરિષદમાં મેયર સાથે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ કારોબારી સભ્ય રાજુભાઈ ધ્રુવ, મહામંત્રી લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં છેલ્લા એક અઠવાડીયામાં શરદી- ઉધરસના ૮૨૪ કેસ નોધાયા

### ઝાડા-ઉલ્ટીનાં ૧૮૪, ડેંગ્યુના ચાર, ટાઈફોઈડના બે તથા ચિકન ગુનિયાનો એક કેસ



રાજકોટ,

રાજકોટ શહેરમાં વાયરલ રોગચાળો કાબુમાં આવી રહ્યો નથી અને ડેંગ્યુ, ટાઈફોઈડ તથા ચિકન ગુનીયાનાં રોગચાળએ પણ માથુ ઉંચક્યું છે. છેલ્લા એક અઠવાડીયામાં શરદી-ઉધરસના ૮૨૪, સામાન્ય તાવના ૭૧૯, ઝાડા-ઉલ્ટીનાં ૧૮૪, ડેંગ્યુના ૪, ટાઈફોઈડના બે તથા ચિકન ગુનિયાનો એક કેસ નોંધાયો છે. જો કે, કોર્પોરેશનના ચોપડે નોંધાય તેના કરતા અનેકગણા વધુ કેસ ખાનગી હોસ્પિટલોમાં નોંધાઈ રહ્યા છે.

આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે.

વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૨૧/૦૯/૨૦૨૬ થી તા.૨૭/૦૯/૨૦૨૬ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ફિલ્ડવર્કર, અર્બન આશા દ્વારા ૧,૩૧,૫૩૦ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૬૮૪ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે.મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીગ મશીન ફોગીગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેન્યુવર રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૩૨૩ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી / પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૨૩૫ અને કોર્મશીયલ ૭૦ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

# ગોંડલ સિટી સેજાના આંગણવાડી કેન્દ્ર નં. ૩૪માં 'આંગણ મિલન ઉત્સવ' યોજાયો



રાજકોટ,

રાજ્ય સરકાર દ્વારા નાગરિકો માટે સેવા અને સુશાસનની પ્રતીતિ કરાવતા 'સેવા સંકલ્પ અભિયાન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવાના ભગીરથ ઉદ્દેશ્ય સાથે શરૂ કરાયેલા આ અભિયાન હેઠળ રાજ્યભરમાં વિવિધ જનકલ્યાણકારી પ્રવૃત્તિઓ અને રચનાત્મક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

રાજ્ય સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ બાળકોના પાયાના શિક્ષણ અને સુપોષણને મજબૂત બનાવવાના હેતુથી ''આંગણ મિલન ઉત્સવ''ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અન્વયે ગોંડલ તાલુકાના ગોંડલ સિટી સેજાના આંગણવાડી કેન્દ્ર નં. ૩૪ ખાતે 'આંગણ ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો દ્વારા પ્રાર્થના, કવિતા અને વિવિધ રમતો રજૂ કરવામાં આવી હતી. આ દરમિયાન બાળકો માટે ઈનામ વિતરણ અને અન્નપ્રાશન સંસ્કાર યોજાયા હતા.

બાળકોના સર્વાંગી વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં એસ.આર.પી. ગૃપ નં. ૮ના સેનાપતિ શ્રી ચૌધરી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નગરપાલિકા સભ્ય શ્રી ઋષિરાજસિંહ જાડેજા, ગોંડલ શહેર અગ્રણી શ્રી અજયસિંહ ગોહેલ, બાળ વિકાસ યોજના અધિકારી શ્રી સોનલબેન વાળા, તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ગોયેલ, કુંજ પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી પ્રવીણસિંહ જાડેજા, શ્રી સુભાષભાઈ જાદવ, એફ.એચ.ડબલ્યુ., આંગણવાડી વર્કર, હેલ્પર તેમજ આશા વર્કર બહેનો હાજર રહ્યા હતા.

# મુખ્ય ચૂંટણી કમિશનરને હોદ્દા પરથી દૂર કરવા રાજકોટમાં કોંગ્રેસની રેલી: માસ્ક પહેરી અનોખો વિરોધ

## 'વોટ ચોરી' આઈટી સિસ્ટમનું કેન્દ્રીકરણ અને મતદાર યાદીમાં ગડબડ અંગે આકરા આક્ષેપ કર્યા





રાજકોટ, ભારતના ચૂંટણી પંચમાં ચાલી રહેલી ગંભીર અનિયમિતતાઓ, સંસ્થાકીય કબજો અને લોકશાહી વિરોધી કામગીરીના વિરોધમાં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાની આગેવાની હેઠળ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, અમિત શાહ, અને જ્ઞાનેશ કુમારના માસ્ક પહેરી વિરોધ રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું.આ રેલી રેસકોર્સ સ્થિત અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી પ્રસ્થાન થઈને કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી, જ્યાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

તાજેતરમાં સામે આવેલા ચોંકાવનારા ખુલાસાઓ અંગે આવેદનપત્ર પાઠવતા ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં સામે આવેલા ચોંકાવનારા અહેવાલો મુજબ ચૂંટણી પંચના બે કમિશનરો ( સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશી) દ્વારા છેલ્લા ૧૦ મહિનામાં ઓછામાં ઓછા ૧૪ વખત મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા લેવામાં આવેલા એકપક્ષીય નિર્ણયો સામે ઔપચારિક વાંધો નોંધાવવામાં આવ્યો છે.

આ વિગતોથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને વિરોધ પક્ષના નેતા શ્રી રાહુલ ગાંધી દ્વારા અગાઉ ઉઠાવવામાં આવેલા વોટ ચોરી અને ચૂંટણી તંત્ર સાથેની છેડછાડના આક્ષેપો વધુ પુષ્ટ થાય છે.આજ રોજ રાજકોટ જિલ્લા કલેક્ટર ને આવદેન પત્ર માં ઉઠાવવામાં આવેલા મુખ્ય ગંભીર મુદ્દાઓમાં ૧. સરમાં અંધારામાં રખાયા અને સરની પ્રક્રિયામાં અન્ય ચૂંટણી કમિશનરોને અંધારામાં રાખી એકહથ્થુ શાસન ચલાવવામાં આવ્યું છે.૨. મતદાર યાદીમાં અનધિકૃત નવા મતદારોનો ઉમેરો કરવો અને મૂળ મતદારોના નામો કમી કરી મતાધિકાર છીનવી લેવાનો પ્રયાસ થયો છે.૩. દિલ્હી ખાતે ચૂંટણી પંચની આઈ.ટી.સિસ્ટમનું કેન્દ્રીકરણ કરીને સ્થાનિક અને રાજ્યના અધિકારીઓની અવગણના કરવામાં આવી છે, જે શંકાસ્પદ છે. જેથી વીરોધ પક્ષ તરીકે અમારી માંગણીઓ છે કે ૧) મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમારને તાત્કાલિક અસરથી તેમના પદ પરથી દૂર કરવામાં આવે. ૨) શ્રી જ્ઞાનેશ કુમારના કાર્યકાળ દરમિયાન લેવાયેલા તમામ એકપક્ષીય નિર્ણયોની પુનઃ સમીક્ષા અને સમગ્ર પ્રક્રિયાની સ્વતંત્ર તપાસ થાય. ૩) સરહેઠળ થયેલા મતદારોના ઉમેરા અને નામો કમી કરવાની કામગીરી તેમજ આઈ.ટી.સિસ્ટમના કેન્દ્રીકરણ પાછળના હેતુની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે. ૪) ચૂંટણી પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા સુનિશ્ચિત કરી, છેડછાડ કરનારાઓ સામે કાનૂની કાર્યવાહી થાય અને દેશના દરેક નાગરિકના બંધારણીય મતાધિકારનું રક્ષણ થાય.

આ કાર્યક્રમ માં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા સહિત. ડો. હેમાંગ વસાવડા, મહેશ રાજપૂત, જશવંતસિંહ ભટ્ટી, ડી.પી મકવાણા, દીપ્તિ બેન સોલંકી, ગાયત્રીબા વાઘેલા, અતુલ ભાઈ રાજાણી, સંજય આજુડિયા, મુકેશ ચાવડા,નીતિનભાઈ ભંડેરી વૈશાલી શિંદે,જયદીપ મયાત્રા, મેહુલભાઈ મકવાણા, હાજી ભાઈ ઓડિયા, દીપેન ભગદેવ, રસિકભાઈ ભટ્ટ, સિકંદરભાઈ ડાકોરા,યજ્ઞેશભાઈ દવે તેજસભાઈ ટોપિયા ,રાજુભાઈ આમરણીયા, ગૌરવ ખીમસુરીયા ,નરેન્દ્ર પટેલ અનીષભાઈ જોશી હબીબભાઈ, કટારીયા,ગૌરવભાઈ પુજારા પ્રવીણભાઈ કાકડીયાદિલીપભાઈ આસવાણી હસુભાઈ ગોસ્વામી,અક્ષાંશ ગોસ્વામી, અર્જુન ભાઈ ચૌહાણ, રસીલાબેન ગરૈયા ઈબ્રાહિમ ભાઈ સોરા સહિતના આગેવાનો હોદ્દેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ રામકૃષ્ણ આશ્રમ દ્વારા સર્વાંગીણ આરોગ્ય શિબિર યોજાઈ



રાજકોટ,

શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા સર્વાંગીણ આરોગ્ય શિબિરનું આયોજન શ્રી રામકૃષ્ણ આશ્રમ મેડિકલ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે ૨૫૦ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો પ્રારંભ સ્વામી વિજયેશાનંદજીના સ્વાગત પ્રવચનથી થયો હતો.

ત્યારબાદ ડો. સ્વામી દયાધિપાનંદજી, મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ, શ્રી રામકૃષ્ણ હોસ્પિટલ, મુંબઈ દ્વારા આરોગ્ય પરામર્શ તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમની સાથે આવેલા ડો સુનિતા ચવન, ડો સાગર પાટીલે પણ દર્દીઓને વ્યક્તિગત તપાસ કરી અને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સૌને આરોગ્યપ્રદ કાઢાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# રાજકોટ મનપા આયોજિત 'ઓપન રાજકોટ ચેસ ટુર્નામેન્ટમાં ૫૩૩ ખેલાડીઓએ ભાગ લીધો

## વિજેતાઓને રોકડ ઈનામ, શિલ્ડ અને ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરાયા

રાજકોટ,રાજકોટ મહાનગર પાલિકા દ્વારા બાળકો અને યુવા ખેલાડીઓમાં ચેસ રમત પ્રત્યે રસ અને પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે તા.૨૭ને રવિવારના રોજ સવારે ૮:૦૦ કલાકે 'કવિશ્રી અમૃત ઘાયલ કોમ્યુનિટી હોલ' ખાતે કરવામાં 'ઓપન રાજકોટ ચેસ ટુર્નામેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

મેયર ડૉ. નેહલ શુક્લના હસ્તે દીપ પ્રાગટ્ય કરી આ કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ અવસરે ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા અને ડો. દર્શીતાબેન શાહ, શહેર ભાજપ અધ્યક્ષ ડો. માધવભાઈ દવે, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડૉ. હિરેનભાઈ ખીમાણીયા, તથા સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન મનીષભાઈ ભટ્ટ, ઉપરાંત કોર્પોરેટરશ્રીઓ કિરણબેન માંકડિયા, જ્યોત્સનાબેન ટીલાળા, નીતાબેન, રીટાબેન સખીયા, અશ્વિનભાઈ ભોરણીયા, પ્રવીણભાઈ સેંગલિયા, ઘનશ્યામભાઈ હેરભા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મેયરશ્રીએ બાળકો સાથે ચેસ રમીને વિધિવતરીતે સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. આ સ્પર્ધામાં ૦૩ થી ૧૧ વર્ષ (યુ-૧૧)ની કેટેગરીમાં ૨૪૧ તથા ૧૧ થી ૧૬ વર્ષ (યુ-૧૬) કેટેગરીમાં ૨૯૨ બાળકો એમ કુલ ૫૩૩ સ્પર્ધકોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં વિજેતાઓને રોકડ ઈનામ, શિલ્ડ અને તમામ સ્પર્ધકોને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મહેમાનોનું શાબ્દિક સ્વાગત સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયાએ કર્યું હતું. સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનીષભાઈ ભટ્ટે તમામ સ્પર્ધકોને શુભકામના પાઠવી હતી. આ આયોજનને સફળ બનાવવા સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનીષભાઈ ભટ્ટ, વાઈસ ચેરમેન જ્યોત્સાનાબેન ટીલાળા, સમિતિના સભ્ય પૂર્વ મેયર ડો. પ્રદીપભાઈ ડવ, પૂર્વ ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, રાજેશ્રીબેન માલવિયા, તેમજ ગેસ્ફોર્ડ ચેસ ક્લબના પ્રમુખ વિશાલભાઈ સોલંકી, કિશોરસિંહ જેઠવા, અરવિંદભાઈ માલવી, બીપીનભાઈ પડીયા, વલ્લભભાઈ પીપળીયા, હર્ષિલભાઈ શાહ, રાજેશભાઈ કનુભાઈ ધ્રુવ, તથા ચીફ આર્બીટિટર તરીકે જય ડોડીયા અને આર્બીટિટર તરીકે હર્ષદભાઈ ડોડીયા અને તેમની ટીમ તેમજ રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર સમીર ધડુક, સહાયક કમિશનર ડી. એમ. ડોડીયા, રેસકોર્સ સંકુલના મેનેજર હિતેશ ભસોટીયા અને તેમની ટીમ તથા આર.એસ.પી.એફ.ના સી.ઈ.ઓ. શ્રી રાજદિપસિંહ જાડેજાએ ભારે જહેમત ઉઠાવી હતી

# રાજકોટમાં ટાઈપ-૧ ડાયાબીટીસથી પીડિત બાળકો માટે નિ:શુલ્ક આઈ-ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો



રાજકોટ, જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન - રાજકોટ દ્વારા ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડિત બાળકો માટે નિ:શુલ્ક આઈ-ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં આશરે ૮૦૦ જેટલા ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડિત બાળકોનું રજીસ્ટ્રેશન અને આંખ-દાંતનું ચેકઅપ કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લાના વિવિધ ગામો અને વિસ્તારોમાંથી આવેલા બાળકોએ તથા તેમના પરિવારજનોએ આ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પ દરમિયાન ગુરૂકુલ હોસ્પિટલના નિષ્ણાત તબીબો દ્વારા બાળકોની આંખો તથા દાંતના સ્વાસ્થ્યની જરૂરી તપાસ કરવામાં આવી હતી.

# અમરેલી જિલ્લા કલેકટરને ગૌચર જમીન પરના દબાણો દુર કરવા સુખડીયાની રજુઆત

## હાઈકોર્ટના આદેશોનું પાલન નહીં કરવામાં આવે તો કોર્ટ ઓફ કન્ટેમ દાખલ કરવા ચેતવણી

અમરેલી

અમરેલી જાણીતા RTI એક્ટિવિસ્ટ નાથાલાલ સુખડીયા દ્વારા કલેકટર શ્રી અમરેલી ને ગૌચર જમીન ઉપર ના દબાણો દુર કરવા સુખડીયા ની રજુઆત

અમરેલી શહેરની ગૌચરની જમીન પરના દબાણો ખુલ્લા કરી કાયમી રક્ષીત કરવા અમરેલી તાલુકો અમરેલી ના રેવન્યુ ખાતા નંબર ૫૪૩, ગૌચર સદરે ચાલતા ૩૦ જેટલા સર્વે નંબર અને પૈકી નોંધ સાથે નોંધ સાથે કુલ બ્લોક ૪૧ હેકટર આરે. ચો. મી. ૧૯૯-૫૯-૭૧ એમ કુલ જમીન ૮૩૯ ગાયકવાડી વિધા જમીન અમરેલી શહેરની ગૌચર તેમજ સરકારી સદરે ચાલે છે. તે પૈકીની હેકટર આરે.ચો.મી. ૧૫૭-૯૮-૮૪ જમીન ગૌચર સદરે ચાલે છે. અને અમરેલી શહેરમાં ગાયોની સંખ્યા અંદાજે ૩૦૦૦ જેટલી છે. અને બીજા ઘેટા-બકરા –ભેંસો વિગેરે પણ મોટી સંખ્યામાં પશુપાલન હોય સુપ્રિમ કોર્ટનાં સીએ/નંબર ૧૧૩૨/૨૦૧૧ એસએલપી (સી)૩૧-૯-૨૦૧૧ ના ગૌચર જમીનના દબાણો અંગેના ચુકાદા મુજબ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના પી.આઈ.એલ. નંબર ૧૫૫/૨૦૧૧ અને પી.આઈ.એલ. નંબર. ૬૧/૨૦૧૨ના નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અન્વયે મહેસુલ વિભાગ ગુજરાત રાજયના સરકારના ઠરાવ ક્રમાંક જમન/૩૯૧૧/૩૧૯૪/ગ/સચિવાલય-ગાંધીનગરના ગૌચર જમીન વ્યવસ્થાપન નિતિ તા. ૧/૪/૨૦૧૫ તેમજ ગુજરાત સરકારના મહેસુલ વિભાગ પરિપત્ર ક્રમાંક દબણ/૧૦૨૦૧૦/૧૦૧૬/૯/સચિવાલય-ગાંધીનગર સરકારી જમીન જાળવણી કરવા અંગેના પરિપત્ર તા. ૧૬/૦૭/૨૦૨૨ મુજબ ગેચરની તેમજ સરકારી જમીનો શહેરી વિસ્તારમાં અનઅધિકૃત દબાણો સામે કલેકટરશ્રીના કાર્યક્ષેત્ર નીચે જવાબદારીમાં આવે છે. તો અમરેલી શહેરમાં ઉપરોકત ક્ષેત્રફળ મુજબની ગૌચરની જમીન પર વ્યાપક પ્રમાણમાં દબાણો ઉભા થયેલા છે. અને આપશ્રી દ્વારા આની દેખભાળ માટે બીલકુલ બેદરકારી જણાય છે. આવી ગૌચરની જમીનના દબાણના કારણે હજારો માલ-ઢોર રસ્તાઓ ઉપર બેસવા મજબુર થયેલ આ અબોલ જીવોને પેટ ભરવા સુકુ તણખલુ પણ મેળવવા દુષ્કર બની ગયુ છે. જે



બાબત અત્યં ગંભીર હોય તો આ બાબતને સત્વરે ધ્યાને લઈ અમરેલી શહેરની આવી જમીનો આઈડેન્ટી ફાઈડ કરી સ્થળ પરના દબાણો ખુલ્લા કરાવા કાર્યવાહી કરવા બાબતને ગંભીરતાથી લેવામાં નહી આવશે તો નામદાર-સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશોનું પાલન નહીં કરવામાં આવે તો કોર્ટ ઓફ કન્ટેમ દાખલ કરવા અમે કાર્યવાહી કરીશું

# રાજુલા તાલુકાના બારપટોળી ગામે બે વનકર્મીઓ પર હુમલો કરનાર સિંહ આખરે પાંજરે પુરાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના બારપટોળી ગામે બે વનકર્મીઓ પર સિંહના હુમલાની ઘટના બાદ છેલ્લા ૪૨ કલાકથી ચાલી રહેલા વનવિભાગના મેગા ઓપરેશનને આખરે સફળતા મળી છે. બારપટોળી ગામે હુમલો કર્યા બાદ રાજુલા તાલુકાના કાતર ગામ તરફ પહોંચેલા હુમલાખોર સિંહને ગીર ફોરેસ્ટની ટીમોએ સતત મોનિટરિંગ અને ઘેરાબંધી બાદ કર્યા બાદ આખરે પાંજરે પૂરી દેતા વનવિભાગે રાહતનો શ્વાસ લીધો છે.

સુત્રોમાંથી મળતી વિગતો મુજબ, રાજુલા તાલુકાના બારપટોળી ગામે સિંહ દ્વારા બે વનકર્મીઓ પર હુમલો કરવામાં આવ્યા બાદ વનવિભાગે તાત્કાલિક સિંહની શોધખોળ શરૂ કરી હતી.





**ગીર ફોરેસ્ટની ૧૦ ટીમોએ દિવસ-રાત એક કરી સિંહને પાંજરે પૂર્યો, ૪૨ કલાકના મેગા ઓપરેશન બાદ વનતંત્રને મળી મોટી સફળતા**

દરમિયાન આ સિંહ કાતર ગામ તરફ પહોંચી ગયો હોવાનું સામે આવતા સમગ્ર વિસ્તારમાં વનતંત્ર દ્વારા સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આ ઓપરેશન દરમિયાન ૨૬ સપ્ટેમ્બરના રોજ સિંહને રેસ્ક્યૂ કરવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે બીમાર હોવાનું જણાતા સિંહે અચાનક આક્રમક બની બે વનકર્મીઓ પર હુમલો કર્યો હતો. આ ઘટનાને પગલે વનવિભાગ માટે સિંહને સુરક્ષિત રીતે પાંજરે પૂરવો વધુ પડકારજનક બન્યો હતો.

હુમલાખોર સિંહને પકડવા માટે ગીર ફોરેસ્ટની અંદાજે ૧૦ ટીમોને મેદાનમાં ઉતારવામાં આવી હતી. સિંહના લોકેશન અને હિલચાલ પર સતત નજર રાખી, સંભવિત માર્ગો પર ટીમો ગોઠવી અને સઘન સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. ગત દિવસથી વનતંત્ર દ્વારા સિંહને પાંજરે પૂરવા માટે મેગા ઓપરેશન વધુ તેજ બનાવવામાં આવ્યું હતું.

આખરે સતત ૪૨ કલાકની દોડધામ, સર્ચ અને ઘેરાબંધી બાદ વનવિભાગની ટીમને હુમલાખોર સિંહને પાંજરે પૂરવામાં સફળતા મળી હતી. સિંહ પાંજરે પુરાઈ જતા સમગ્ર ઓપરેશનમાં જોડાયેલી વનવિભાગની ટીમોએ રાહતનો શ્વાસ લીધો હતો.

સિંહને હવે વનવિભાગ દ્વારા જરૂરી પ્રક્રિયા મુજબ આગળની કાર્યવાહી માટે ખસેડવામાં આવશે. હુમલાની ઘટના બાદ બારપટોળી અને કાતર સહિતના આસપાસના વિસ્તારોમાં ઊભી થયેલી ભીતિ વચ્ચે સિંહ પાંજરે પુરાતા સ્થાનિકોમાં પણ રાહતનો માહોલ જોવા મળ્યો છે.

# ફેક નંબરથી સાયબર ફ્રોડમાં પોલીસ કાર્યવાહી: સાવરકુંડલા રૂરલ પોલીસે ૨૦ હજાર રૂપિયા પરત અપાવ્યા

અમરેલી:સાવરકુંડલા રૂરલ પોલીસે સાયબર ફ્રોડનો ભોગ બનેલા એક ફરિયાદીને મોટી રાહત આપી છે. ગુગલ પરથી મળેલા ફેક હેલ્પલાઈન નંબરથી છેતરાઈને ગુમાવેલા ૨૦,૦૦૦ રૂપિયા પોલીસે પરત અપાવ્યા છે. આ કાર્યવાહી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ કરવામાં આવી હતી.

ફરિયાદીએ ગુગલ પરથી એક ફેક હેલ્પલાઈન નંબર મેળવી તેના પર સંપર્ક કર્યો હતો. આના કારણે તેઓ સાયબર ફ્રોડનો શિકાર બન્યા અને તેમના ૨૦,૦૦૦ રૂપિયા ગુમાવી દીધા હતા.

ફરિયાદ મળતા જ સાવરકુંડલા રૂરલ પોલીસે તરત કાર્યવાહી શરૂ કરી. પોલીસની સાયબર ટીમે




ટેકનિકલ તપાસ કરીને ગુમાવેલા ૨૦,૦૦૦ રૂપિયા પાછા મેળવી ફરિયાદીને પરત આપ્યા.

પોતાના પૈસા પાછા મળતા ફરિયાદીને ઘણી રાહત થઈ. પોલીસે લોકોને અજાણ્યા હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરતા પહેલા તેની ખરાઈ કરવા અને ઓનલાઈન છેતરપિંડીથી સાવચેત રહેવા અપીલ કરી છે.

# દલખાણીયા નજીક લાકડાની ગેરકાયદેસર હેરફેરનો પર્દાફાશ

## ટ્રકચાલક યોગ્ય જવાબ ન આપી શકતાં વનવિભાગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લામાં વનવિસ્તારમાંથી લાકડાની ગેરકાયદેસર હેરફેર સામે વનવિભાગ દ્વારા કાર્યવાહી તેજ કરવામાં આવી છે. ત્યારે ધારી વનવિભાગને મળેલી બાતમીના આધારે દલખાણીયા નજીક પાસ-પરમિટ વિના લાકડા ભરીને જતાં એક ટ્રકને ઝડપી પાડવામાં આવ્યો હતો. વનવિભાગની ટીમે ટ્રકને અટકાવી તપાસ કરતાં તેમાં લાકડા ભરેલા હોવાનું સામે આવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, ધારી વનવિભાગની ટીમ દ્વારા દલખાણીયા આસપાસના વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું હતું. દરમિયાન શંકાસ્પદ રીતે લાકડા ભરીને પસાર થઈ રહેલા એક



ટ્રકને અટકાવી તપાસ કરવામાં આવી હતી. ટ્રકમાં લાકડાનો જથ્થો મળી આવતાં વનવિભાગના અધિકારીઓ દ્વારા લાકડાના જથ્થા અંગે જરૂરી પાસ-પરમિટ સહિતના દસ્તાવેજોની માંગણી કરવામાં આવી હતી.

જો કે, ટ્રકચાલક દ્વારા લાકડાની હેરફેર અંગે વનવિભાગ સમક્ષ યોગ્ય જવાબ કે જરૂરી પરવાનગી રજૂ કરવામાં ન આવતાં વનતંત્રએ સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વનવિભાગે લાકડા ભરેલા ટ્રકને કબજે કરી ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

લાકડાનો જથ્થો ક્યાંથી ભરવામાં આવ્યો હતો, ક્યાં લઈ જવામાં આવી રહ્યો હતો તેમજ આ લાકડાની હેરફેર પાછળ અન્ય કોઈ વ્યક્તિ કે તંત્રની સંડોવણી છે કે કેમ તે સહિતના મુદ્દે વનવિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

ધારી વનવિભાગની આ કાર્યવાહીથી વનવિસ્તારમાં ગેરકાયદેસર રીતે લાકડાની હેરફેર કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. વનસંપદાને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓ સામે આગામી દિવસોમાં પણ વનવિભાગ દ્વારા કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તેવી શક્યતા છે.

# સાવરકુંડલામાં મુખ્ય બજાર સહિતના વિસ્તારોમાંથી દબાણ હટાવાયા

અમરેલી:અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં તંત્ર દ્વારા



દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મુખ્ય બજાર સહિત મહુવા રોડ, હાથસણી રોડ અને નાવલી બજાર જેવા વિસ્તારોમાં ડિમોલેશન કરાયું હતું.

જાહેર માર્ગો પર ગેરકાયદેસર રીતે બનાવેલા ઓટલા, છાપરાં અને અન્ય બાંધકામોને દૂર કરવામાં આવ્યા હતા. કેટલાક લોકોએ તો સ્વૈચ્છિક રીતે પણ પોતાના દબાણ હટાવી લીધા હતા.

શહેરના મુખ્ય માર્ગો પર દબાણોને કારણે અવરજવરમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવાના હેતુથી આ કાર્યવાહી કરાઈ હતી. દબાણ હટાવવાની આ કામગીરી સાંજ સુધી ચાલુ રહી હતી.

# સિંહપ્રેમીઓ માટે આનંદના સમાચાર:સાસણમાં ૩ ઓકટોબરથી સિંહ દર્શન શરૂ થશે, નવરાત્રી પહેલાં જ ગીર જંગલ સફારી શરૂ કરવાનો નિર્ણય

ગીર સોમનાથ:ગીર જંગલમાં વસવાટ કરતા એશિયાટિક સિંહોને જોવા દેશ-વિદેશમાંથી પ્રવાસીઓ સાસણ ગીર ખાતે આવે છે. સામાન્ય રીતે ચોમાસાની સિઝન દરમિયાન ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી ગીર જંગલ પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવે છે. જોકે, આ વર્ષે ગીરમાં વરસાદ ઓછો પડ્યો હોવા ઉપરાંત જંગલના કાચા રસ્તાઓ પણ યોગ્ય સ્થિતિમાં હોવાથી નિયમિત સમય કરતાં ૧૨ દિવસ વહેલી એટલે કે ૩ ઓક્ટોબરથી ગીર જંગલ સફારી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ચોમાસાના ચાર મહિના દરમિયાન જંગલ સફારી બંધ રહેતા સ્થાનિક લોકોની આવકનો મુખ્ય સ્ત્રોત પણ બંધ થઈ જાય છે. આથી સાસણ હોટલ એસોસિયેશન દ્વારા વન વિભાગ અને સરકાર સમક્ષ સફારી વહેલી શરૂ કરવા રજૂઆત કરવામાં આવી હતી.

આ મુદ્દે આજે ગાંધીનગર ખાતે વનમંત્રી અર્જુન મોઢવાડિયા, વન વિભાગના ઉચ્ચ અધિકારી જયપાલસિંહ અને સાસણ હોટલ એસોસિયેશનના પ્રમુખ વિનુભાઈ



જીવાણી સહિત બળવંતભાઈ ધામી, રામકુભાઈ વિકમા સહિતના પ્રતિનિધિમંડળની બેઠક મળી હતી.

ગીર જંગલ સફારી માટે વન વિભાગ દ્વારા આપવામાં આવતી ઓનલાઈન પરમિટનું બુકિંગ વન વિભાગની સત્તાવાર વેબસાઈટ પર સંભવતઃ આગામી બે દિવસમાં શરૂ કરવામાં આવશે. સફારી વહેલી શરૂ થવાના નિર્ણયથી નવરાત્રીના તહેવારો દરમિયાન ગીરની મુલાકાતે આવતા પ્રવાસીઓને પણ સિંહ દર્શનનો લાભ મળી શકશે.

ગીર જંગલમાં સિંહ દર્શન માટે પ્રવાસીઓમાં ભારે આકર્ષણ જોવા મળે છે. ગત વર્ષે ૧૧.૩૦ લાખથી વધુ પ્રવાસીઓ ગીર વિસ્તારમાં આવ્યા હતા અને ગીર જંગલ સફારી ઉપરાંત દેવળિયા પરિચય ખંડમાં સિંહો સહિતની વન્યસૃષ્ટિ નિહાળી હતી. પ્રવાસીઓના વધતા ધસારાથી વન વિભાગને અંદાજે રૂ.૧૫ કરોડથી વધુની આવક થતી હોવાનું જણાવાયું છે.ગીર જંગલ સફારી નિયમિત સમય કરતાં ૧૨ દિવસ વહેલી શરૂ થવાથી સ્થાનિક સ્તરે રોજગારીની તકો પણ વહેલી શરૂ થશે. ખાસ કરીને હોટલ-રિસોર્ટ વ્યવસાય, જીપ્સીચાલકો, ટુરિસ્ટ ગાઈડ તેમજ અન્ય સ્થાનિક ધંધાર્થીઓને તેનો લાભ મળશે. સફારી વહેલી શરૂ કરવાના નિર્ણયથી ગીર વિસ્તારના હોટલ એસોસિયેશન, જીપ્સીચાલકો, ટુરિસ્ટ ગાઈડ અને સ્થાનિક લોકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

# આપ નેતાએ બાબરા-લાઠી નગરપાલિકામાં કાયમી ચીફ ઓફિસરની માંગ કરી

## અમરેલી જિલ્લાના લાઠી વિધાનસભા વિસ્તારમાં નાગરિકો પરેશાન, આંદોલનની ચીમકી ઉચ્ચારી

અમરેલી:અમરેલી જિલ્લાના લાઠી વિધાનસભા વિસ્તારની બાબરા અને લાઠી નગરપાલિકામાં કાયમી ચીફ ઓફિસર ન હોવાથી નાગરિકો પરેશાન છે. આમ આદમી પાર્ટીના નેતા જેડી કથીરિયાએ કાયમી અધિકારીઓની તાત્કાલિક નિમણૂક કરવાની માંગ કરી છે.

આ વિસ્તારમાં દામનગર, લાઠી અને બાબરા એમ ત્રણ નગરપાલિકાઓ છે. તેમાંથી માત્ર દામનગરમાં જ કાયમી ચીફ ઓફિસર છે. લાઠી અને બાબરામાં અધિકારી ન હોવાથી સ્થાનિક વહીવટ અને નાગરિકોના રોજિંદા કાર્યોમાં મુશ્કેલી પડે છે.

અધિકારીઓની ગેરહાજરીને કારણે પ્રજાના પ્રશ્નો, વિકાસકામોની મંજૂરી, સફાઈ અને રસ્તા-પાણી જેવી પાયાની સુવિધાઓના નિકાલમાં વિલંબ થાય છે. નાગરિકો અને રાજકીય નેતાઓ પણ કાયમી અધિકારીઓની નિમણૂક ઈચ્છી રહ્યા છે.



જેડી કથીરિયાએ ચેતવણી આપી કે, જો ટૂંક સમયમાં કાયમી અધિકારીઓની નિમણૂક નહીં થાય, તો સ્થાનિક નાગરિકોના હિતમાં ઉગ્ર રજૂઆત અને આંદોલન કરાશે.

# અમરેલી: દારૂની હેરફેર કરતા બે ઈસમો ઝડપાયા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી



જિલ્લાઓમાંથી દારૂની બદી દુર કરવા સ્પેશ્યલ પ્રોહિબિશન ડ્રાઈવનું આયોજન કરી, પ્રોહિબિશનના કેસો કરી અમરેલી જિલ્લામાંથી દારૂની બદી દુર કરવા પ્રોહિબિશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર રેઈડ કરવા અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી.ટીમ અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ હોય તે દરમિયાન મળેલ બાતમીના આધારે અમરેલી -લાઠી બાયપાસ ચોકડી પાસે વોચ ગોઠવી તે દરમિયાન જુનાગઢ, ટીંબાવાડી, બીલનાથપરા ભાગ -૨ માં રહેતા દીલીપભાઇ છગનભાઇ મોકરીયા તથા જુનાગઢ જિલ્લાના મોટી ઘંસારી ગામે રહેતા રમેશભાઇ વશરામભાઇ એરડા નામના બે ઈસમોને ફોરવ્હીલમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની અમરેલી સીટી વિસ્તારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ- ૨૨૯ કિમત રૂપિયા ૧,૫૧,૦૬૭ની હેરફેર કરતા બે ઈસમોને વાહન સહિત કુલ રૂપિયા ૫,૫૧,૦૬૭ નાં મુદ્દામાલ સાથે અમરેલી એલ.સી.બી.ટીમેં ઝડપી લઈ, પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ પ્રોહીબિશન ધારા તળે કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### ઉનાના મેણ ગામે નકલી પોલીસ દ્વારા નકલી ડૉક્ટરના અપહરણનો કેસ

# ૧૦ દિવસ બાદ સાત આરોપીઓની ધરપકડ, નકલી પોલીસ અને પત્રકાર બની ૧૦ લાખની ખંડણી માગી હતી

ઉના:ગીર સોમનાથ જિલ્લાના ઉનાના મેણ ગામે બોગસ તબીબ નફિસ સુમરાના અપહરણ અને લૂંટના ચકચારી કેસમાં પોલીસે ૧૦ દિવસ બાદ ભેદ ઉકેલી કુલ સાત આરોપીઓની ધરપકડ કરી છે. ગત સપ્ટેમ્બરમાં આરોપીઓ પોલીસ અને પત્રકારનો સ્વાંગ રચી તબીબનું સ્વિફ્ટ કારમાં અપહરણ કરી ગયા હતા અને રૂ. ૧૦ લાખની માગણી કરી હતી. જોકે, ગ્રામજનોએ પીછો કરતાં આરોપીઓ તબીબને રસ્તામાં જ છોડી નાસી છૂટ્યા હતા. આ દરમિયાન તબીબ પાસેથી રૂ. ૧૧ હજારની લૂંટ ચલાવવામાં આવી હતી.

ગીર સોમનાથ LCB પોલીસે તપાસ દરમિયાન ફરિયાદીના સગા ભત્રીજા અલ્કેશ સુમરા સહિત સ્થાનિક અને બહારના આરોપીઓની સંડોવણી શોધી કાઢી હતી. પોલીસે અમદાવાદના



ચાંદલોડિયા વિસ્તારના કૌશિક પ્રહલાદભાઈ પંચાલ, મહેસાણાના મિતેશ ઉર્ફે મોન્ટુ મનજીભાઈ ડાભી સહિત સાત આરોપીઓની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, ઉનાના નદીમ સિદ્દીક કાતરિયાને સમગ્ર કારસ્તાનનો મુખ્ય સૂત્રધાર ગણાવવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓમાં કૃણાલપુરી બળદેવપુરી ગોસ્વામી, મિતેશ ઉર્ફે મોન્ટુ ડાભી, કૌશિક પંચાલ, શ્રેયસ રાજેન્દ્ર પટેલ, નદીમ સિદ્દીક કાતરિયા અને અલ્કેશ યાકૂબ સુમરાનો સમાવેશ થાય છે.

પોલીસના દાવા મુજબ, આરોપી કૌશિક પંચાલના મોબાઈલ ફોનમાંથી પોલીસનાં બોગસ આઈડી મળી આવ્યાં છે. જ્યારે મિતેશ ઉર્ફે મોન્ટુ ડાભી બોગસ પત્રકાર બનીને ફરતો હોવાનો પણ આરોપ છે. પોલીસ હવે આરોપીઓ નકલી પોલીસ અને પત્રકાર બની લોકોને બ્લેકમેઈલ કરી નાણાં પડાવતા હતા કે કેમ, તે દિશામાં તપાસ કરી રહી છે. આ કેસમાં એક યુવતી સહિત હજુ ત્રણ આરોપીઓ ફરાર હોવાનું જાણવા મળ્યું છે.

પકડાયેલા આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવતાં મહેસાણાના બે આરોપીઓના બે દિવસ અને અન્ય ચાર આરોપીઓના એક દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. રિમાન્ડ દરમિયાન આરોપીઓએ અગાઉ પણ આ પ્રકારના ગુનાઓ આચર્યા છે કે કેમ તેમજ અપહરણ અને લૂંટના સમગ્ર કાવતરામાં અન્ય કોણ-કોણ સામેલ છે તે અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# લીલીયામાં દીકરીઓએ પિતાને અગ્નિદાહ આપી પુત્રની ફરજ અદા કરી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલીના લીલીયા ગામે ધનજીભાઈ પાંચાભાઈ શેખલીયાના અવસાન બાદ તેમના અંતિમ સંસ્કાર પ્રસંગે દીકરીઓએ પિતાને અગ્નિદાહ આપી પુત્રની ફરજ અદા કરી હતી. પરિવારમાં પુત્ર ન હોવાથી દીકરીઓએ એક પિતાને કાંધ આપી અંતિમ વિધિની



જવાબદારી સ્વીકારી સમાજ સમક્ષ એક સંવેદનશીલ અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

પિતાના નિધનથી સમગ્ર પરિવાર શોકમાં ગરકાવ હતો, ત્યારે દીકરીઓએ હિંમત અને કર્તવ્યભાવ સાથે પિતાની અંતિમ ઈચ્છા અને સંસ્કારોની જવાબદારી નિભાવી હતી. દીકરીઓ દ્વારા આપવામાં આવેલ અગ્નિદાહ માત્ર એક અંતિમ વિધિ ન્હોતી, પરંતુ દીકરી પણ દીકરાથી ઓછી નથી તેવો સમાજ માટે મહત્વપૂર્ણ સંદેશ આપતો પ્રસંગ બન્યો હતો.

આ પ્રસંગે દીકરીઓએ સાબિત કર્યું કે માતા-પિતાના સુખ-દુઃખમાં દીકરીનો પ્રેમ, લાગણી અને ફરજ કોઈપણ રીતે પુત્રથી ઓછી નથી. સમાજમાં બદલાતી વિચારધારા અને દીકરીઓ પ્રત્યે સન્માનની ભાવનાને વધુ મજબૂત બનાવતો આ પ્રસંગ સૌ માટે પ્રેરણારૂપ બન્યો છે.